# ચોલાએ બાંધકામ ઉપકરણ માટે લોન આપવા એસ્કોર્ટ્સ સાથે જોડાણ કર્યું

મુંબઈ, તા. ૧૫ મે

ચોલામંડલમ ઇન્વેસ્ટમેન્ટ એન્ડ ફાઈનાન્સ કંપની (ચોલા) એ બાંધકામ ઉપકરણો માટે છૂટક લોન આપવા માટે એસ્કોર્ટ્સ સાથે વ્યૂહાત્મક જોડાણ કર્યું છે.

ચોલા વાહન ફાઈનાન્સ પૂરું પાડતી એનબીએફસી છે અને ૫૩૦થી વધુ શહેર અને નગરોમાં વેપારી વાહન માટે લોન આપે છે.

મેનેજિંગ ડિરેક્ટર વેંકૈયા સુબિઆએ કહ્યું કે 'એસ્કોર્ટ્સ સાથેના જોડાણથી અમારા ગ્રાહકોને બાંધકામ ઉપકરણ માટે વ્યાપક સ્તરે લોન ઓફર કરી શકાશે. આ જોડાણથી અમારા ગ્રાહકોને લાભ થશે અને એસ્કોર્ટ્સને અમારા પાંચ લાખ ગ્રાહકો મળશે.'